અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૫૩૫-૫૫૭૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૬/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯ની પ્રખરતા શોધ કસોટી (TST)ના ફોર્મ ઓનલાઈન ભરવા અંગે BISAGના માધ્યમથી તાલીમ આપવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૨૮૮-૫૩૨૨ તા.03/૧૨/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે પ્રતિવર્ષની જેમ પ્રખરતા શોધ કસોટી ફેબ્રુઆરી-૨૦૧૯માં લેવામાં આવનાર છે. આ અંગેની વિગતવાર માહિતી સંદર્ભ દર્શિત પત્રથી આપવામાં આવેલ છે. ચાલુ વર્ષથી પ્રખરતા શોધ કસોટી માટે વિદ્યાર્થીઓના ફોર્મ ઓનલાઈન તા.૨૭/૧૨/૨૦૧૮ થી ૧૦/૦૧/૨૦૧૯ દરમ્યાન ભરવાના રહેશે. આ કસોટીના ઓનલાઈન ફોર્મ ભરવા અંગે શાળાના આચાર્યશ્રીઓને માર્ગદર્શન આપવા માટે BISAGના માધ્યમથી તાલીમ આપવા અંગેનો કાર્યક્રમ તા.૨૯/૧૨/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ રહેશે તેવું અત્રેની કચેરીની તા.૨૪/૧૨/૨૦૧૮ની અખબારી યાદીમાં જણાવેલ હતું. પરંતુ **આ તાલીમ અંગેનો કાર્યક્રમ તા.૨૮/૧૨/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ રહેશે જેનું પ્રસારણ BISAGના માધ્યમથી કરવામાં આવશે.** આ કાર્યક્રમ નિહાળવા અંગેની સૂચના આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને આપવા વિનંતી છે.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

E:\HK-\TST\પરિપત્ર-TST - BISAG તાલીમ.docx